# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓન ફાર્મ રીસર્ચ યોજના અંતર્ગત વેલાવાળા શાકભાજી પાકોની ખેતી પદ્ધતિ વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો.

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ ઓન ઇન્ટીગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ અંતર્ગત તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ વેલાવાળા શાકભાજી પાકોની ખેતી પદ્ધતિ વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં ડૉ.વાય.બી.ચૌહાણ,યુનિટ વડાશ્રીએ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓને લગતી માહિતીથી ખેડૂતોને વાકેફ કર્યા, તેઓશ્રીએ વેલાવાળા શાકભાજી પાકોમાં રોગજીવાત નિયંત્રણ વિશે પણ માહિતી આપી, ડૉ.સી.જે.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (અગ્રોનોમી) દ્વારા પ્રવાહી જૈવિક ખાતરની ઉપયોગીતા તેમજ વાપરવાની રીત વિશે સમજ આપી, ડૉ.એચ.કે.દેસાઇ, (રીસર્ચ એસોસીએટ) દ્વારા ઓન ફાર્મ રીસર્ચ યોજનાની વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી અને ડૉ.એ.વાય.માકાણી (રીસર્ચ એસોસીએટ) દ્વારા વેલાવાળા શાકભાજી પાકોની વિવિધ જાતો વિષે ખેડૂતોને માર્ગદર્શન આપેલ. કાર્યક્રમના અંતે શાકભાજી પાકોના બિયારણ અને પ્રવાહી જૈવિક ખાતરની કિટનું વિતરણ કરવામાં આવેલ. આ એક દિવસીય તાલીમ વર્ગમાં ગરબાડા તાલુકાના આંબલી અને વડવા ગામના કુલ 30 ખેડૂતોએ ભાગલીધો હતો .

આ એક દિવસ તાલીમનું સંપૂર્ણ સંકલન શ્રી ડી.જે.ગોહિલ, ખેતી મદદનીશ, શ્રી વી.એચ.રાઠવા, ખેતી મદદનીશ તેમજ સપના એસ.મુનીયા, યંગપ્રોફેશનલ દ્વારા કરવામાં આવેલ હતું.




